## જન્મદિને વધામણી



ધવલસિંહ અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩



શુભમ રાજેશભાઈ ભટ્ટ
મો. ૭૩૫૯૯૪૦૪૪૪



મૌલિક દિલીપભાઈ ત્રિવેદી
મો. ૭૩૫૯૦૦૯૮૦૯



મોહનલાલ એસ. વાળંદ
ફોન. ૨૩૨૨૧૪૩૫

# આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો રંગારંગ પ્રારંભ







અમદાવાદ, ૧૦

રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ જણાવ્યુ હતુ કે, ઉત્તારાયણનું પર્વ એ ઉર્ધ્વ ગતિનું પર્વ છે. ગુજરાતમાં આ પર્વ ખૂબ ઉલ્લાસ સાથે જવાય છે.

માનવજીવનમાં ઉન્નતિની પ્રવૃતિ એકદમ સહજ છે. પતંગનું પર્વ પણ ઉન્નતિના પ્રતિક સમાન છે. એટલે જ ઉત્તારાયણનું પર્વ ઉડાનઉન્નતિનું પર્વ છે, ઉપરાંત મનુષ્યની ઉન્નતિની સાહસિક પ્રવૃત્તિના પ્રતિક સમાન છે.

ગુજરાત ઉપરાંત પંજાબ સહિત અન્ય રાજયોમાં પણ પતંગોત્સવ ઉજવાય છે. આ એવું પર્વ છે, જેમાં અહિંસક પ્રતિસ્પર્ધા પ્રવર્તે છે એટલું જ નહીં પ્રતિસ્પર્ધામા પણ આનંદઉલ્લાસ ભારોભાર છે.

આ ઉત્સવે રોજગારી નિર્માણને પણ એક નવી દિશા આપી છે. જેના પગલે રાજયની આર્થિક પ્રવૃત્તિ પણ વેગવાન બની છે. સાથે સાથે રાજયમાં પ્રવાસન પ્રવૃત્તિને પણ બળ મળ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અમદાવાદમાં રાજયપાલશ્રી ઓ. પી. કોહલીની વિશેષ ઉપસથિતિમાં આંતર રાષ્ટ્રીય પતંગોત્સવ૨૦૧૬નો રંગારંગ પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત પ્રવાસન નિગમ આયોજિત આ પતંગોત્સવમાં વિશ્વના ૩૧ દેશો તથા ભારતના ૨૭ રાજયોના પતંગબાજો પતંગ ઉડ્ડયન કરાવવાના છે. આ પતંગબાજોએ પોતાના રાષ્ટ્રના પ્રતિક સાથે માર્ચ પાસ્ટ યોજી મહાનુભાવો અને નગરજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

શ્રીમતી આનંદીબહેને ઉત્તારાયણનો આ પતંગપર્વ પ્રકૃતિ સાથે માનવજીવનના તાદાત્મ્યનો અવસર ગણાવતાં જીવનની ગતિપ્રગતિને પતંગની ઉડાન જેમ ઉર્ધ્વગતિએ લઈ જવા સંકલ્પબદ્ધ થવાનું આહવાન કર્યું હતું.

તેમણે કહ્યું કે, સૂર્યનારાયણની ઉપાસનાનું ઉત્તારાયણ પર્વ સદીઓથી હિન્દુ સંસ્કૃતિમાં સૂર્યદેવતાની પૂજનઅર્ચનની પરંપરા સંવર્ધિત કરતું રહ્યા છે તેમાં ગુજરાતના પતંગોત્સવ જોડીને પતંગમહોત્સવને આંતરરાષ્ટ્રીય ફલક આપ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આજના પતંગોત્સવ પ્રારંભે શાળાના બાળકોએ પ્રસ્તુત કરેલા સૂર્યનમસ્કારની સરાહના કરતાં જણાવ્યું કે, બાળપેઢીમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ તથા સૂર્યોપાસનાનો ભાવ સિંચિત કરવાનો આ પ્રયાસ પણ રંગ લાવ્યો છે.

તેમણે વિદેશી પતંગબાજો તથા ભારતના વિવિધ રાજયોના પતંગબાજોને પ્રોત્સાહિત કર્યા હતા અને અનેકતામાં એકતાના દર્શન આ ઉત્સવમાં પડઘાય છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે પ્રવાસન રાજય મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઉત્તારાયણ પર્વ વિશિષ્ટ રૂપે ઉજવાય છે.

રાજય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ઉજવાતા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દેશવિદેશના પતંગબાજો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રવાસીઓની સંખ્યા ઉત્તારોત્તાર વધતી રહી છે તે પ્રવાસન વિભાગના સફળ આયોજનનું પરિણામ છે.

આ પ્રસંગે મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, પ્રવાસન નિગમના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ પટેલ, આયોજન પંચના શ્રી નરહરિભાઈ અમીન, મેયરશ્રી ગૌતમભાઈ શાહ, મુખ્ય સચિવ શ્રી જી. આર. અલોરિયા, પ્રવાસન વિભાગના અગ્રસચિવશ્રી એસ. જે. હૈદર, કમિશનરશ્રી શ્રીનિવાસન, કલેકટરશ્રી રાજકુમાર બેનિવાલ સહિત પતંગપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નગરપ્રાથમિક શિક્ષણના બે હજાર બાળકોએ સૂર્યનમસ્કાર જયારે રાજયની વિવિધ શાળાઓની બાળાઓએ જય જય ગરવી ગુજરાતને સંગીતલયના માધ્યમથી યોગ નિદર્શનો તથા ભાવનગરના દિવ્યાંગ કલાકારોએ કૃષ્ણલીલાને સુંદર અને મનમોહકરૂપે રજૂ કરતા ઉપસથિત જનમેદનીએ બિરદાવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વજીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (૩ડી અંગ્રેજી)
૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વજીર - ૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
દિલવાલે - ૯.૪૫

## ભારત વિકાસ પરિષદનું ગુજરાત ક્ષેત્રિય અધિવેશન યોજાયું

અમદાવાદ, તા.૧૦

રાજયપાલશ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું છે કે, જયારે કોઈપણ વિચાર હકીકતમાં આચરણમાં પરિણમે છે ત્યારે જ સક્ષમ અને સમૃધ્ધ સમાજનું નિર્માણ શક્ય બને છે.

ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટર ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાયેલ ગુજરાત ક્ષેત્રિય અધિવેશનને ઉદબોધન કરતાં તેમણે જણાવ્યું કે, ભારત વિકાસ પરિષદ મૂલ્ય આધારિત સમાજ નિર્માણ માટે કાર્યરત છે. સમાજ પરિવર્તન અને રૂપાંતરણ માટે તથા સંસ્કારિત સમાજનાં નિર્માણ માટે ભારત વિકાસ પરિષદ જે પુનિત કાર્ય કરી રહ્યું છે તે અભિનંદનીય છે.

પરહિત કાર્ય માટેની પરિષદની સંવેદનાને બિરદાવતાં રાજયપાલશ્રીએ જણાવ્યું કે, સમાજના શિક્ષિત અને સમૃધ્ધ વર્ગમાં આ સંવેદના જગાવવાનું કાર્ય આજે નાના છોડમાંથી વટવૃક્ષ બન્યું છે. રાષ્ટ્રની અસ્મિતા, ઓળખ તથા તેના માટેની ભાવના જગાવવાનું સદકાર્ય તથા તે માટેની માનસિકતા સમસ્ત સમાજમાં જગાવવામાં પરિષદ સફળ રહી તે માટેનો હર્ષ રાજયપાલશ્રીએ વ્યકત કર્યો હતો.

રાજયપાલશ્રીએ આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના સોવેનિયર પંચોપનિષદ નું વિમોચન કર્યુ હતું. પરિષદના પૂર્વ માર્ગદર્શકશ્રી ભાદૈયાજીએ દેશની અસ્મિતાને ઓળખ અપાવવાં તથા સમાજના મનોબળને ઉન્નત રાખવા અંગે પ્રેરણાદાયી પ્રવચન કર્યુ હતું.

આ પ્રસંગે પરિષદના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખશ્રી જસ્ટિસ રામાજોઈસ, ઈંદુમતીજી, સીતારામજી, અજીતભાઈ શાહ તથા ગુજરાતની શાખાઓનાં સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## પાવર લિફ્ટિંગમાં ડો. હેમંત પટેલે સિલ્વર મેડલ જીત્યો

ગાંધીનગર, તા.૧૦

તાજેતરમાં જમશેદપુરમાં યોજાયેલી સુબ્રતા ક્લાસિક ઓપન પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ઈન્ડિયન રેડિયોલોજીસ્ટ સોસાયટીના ઉપપ્રમુખ અને ગુજરાત રેડિયોલોજીસ્ટ સોસાયટીના પ્રમુખ ડો. હેમંત પટેલે સિલ્વર મેડલ જીત્યો હતો. ઈન્ડિયા પાવર લિફ્ટિંગ ફેડરેશન દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં હેમંત પટેલે ૭૪૮૩ કિલો કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ઘણી આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લઈ ચૂકેલા હેમંત પટેલ કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેવાનો લક્ષ્યાંક ધરાવે છે.

## સચિવાલય ઉપહાર ગૃહના પૂર્વ ડિરેકટરોનો સત્કાર સમારોહ યોજાયો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૦

શહેરના ટાઉનહોલ ખાતે આજરોજ ધ સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લિમીટેડને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતિ ઉજવણી નિમિતે સંસ્થાના ભૂતપૂર્વ ૪૦ ડિરેકટરોનો સત્કાર સમારોહ તેમજ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હોદેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શહેરના ટાઉનહોલ ખાતે આમંત્રિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગર શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેસ, મનપાના ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, જીલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, તેમજ સંયુકત સચિવ જવલંત ત્રિવેદીના હસ્તે સંસ્થાના ૪૦ પૂર્વ ડિરેકટરોને મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય તેમજ ડે.મેયરે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતુંકે વર્ષો અગાઉ નાના પાયે શરુ કરવામાં આવેલ ધ સચિવાલય સહકારી ઉપાહાર ગૃહ લિમીટેડ અત્યારે હાલના સમયે વટવૃક્ષ બની ગઈ છે. તે સમયના ડિરેકટરો સારા હતા કે કોઈ પ્રોફેશનલ વ્યકિતને કેન્ટીન આપવાની જગ્યાએ સહકારની ભાવનાથી ઉપાહાર ખોલ્યું હતું. રાજયનું પાટનગર હોવાથી સરકારી કચેરીઓ તેમજ વસ્તી વધુ હોવાથી ઉપાહારનો વિકાસ થયો છે. પહેલાની ટીમ તેમજ અત્યારની હાલની ટીમ જે ભાવનાથી કાર્ય કરે છે તેમને અભિનંદન આપ્યા હતા. કેન્ટીનના રીનોવેશન માટે તંત્રએ ૫૦ લાખ આપતા કેન્ટીન આધુનિક બની રહેશે. તેમજ ઉપાહારની સૂવર્ણ જયંતિ પ્રસંગે હોદેદારો માટે લોકસાહિત્ય અને સાંસ્કૃતિની વાતો કરતો સુંદર ડાયરો યોજાયો હતો. જાણીતા કલાકાર સુખદેવ ગઢવીએ અવનવા ટુચકા રજુ કરતા હોદેદારો ખડખડાટ હસી પડયા હતા. જયારે સ્ત્રી શકિત અને માતૃશકિતની વાતો રજુ કરતા હાજર હોદેદારો ભાવવિભોર બની ગયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા, મહામંત્રી ચંદ્રેશ પટેલ, કન્વીનર મૌલીક પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હોદેદારો હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી/અધિકાર મંડળ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી/ અધિકારી મંડળ દ્વારા તા. ૧૧મી જાન્યુઆરીને સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં પાણી પુરવઠાના મંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ જયેશભાઈ રાદડિયા ઉપરાંત પાણી પુરવઠાના અગ્રસચિવ મુકેશપુરી સભ્ય સચિવ મહેશસિંઘ હાજર રહેશે. આમ મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું છે.





ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ તથા ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સાત દિવસીય વાર્ષિક શિબિર ગાંધીનગર જિલ્લાના પિંપળજ ગામ ખાતે યોજાઈ છે. આ શિબિરમાં બંને કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણ જાગૃતિ, વ્યસન મુકિત, અંધશ્રધ્ધા નિવારણ, એઈડસ અવેરનેસ, બેટી બચાવો, સ્વચ્છ ભારત અને સ્વસ્થ ભારત સહિતના સંકલ્પોને સાકાર કરવા વિદ્યાર્થીઓ દ્વારા અથાગ સાર્થક પ્રયત્નો હાથ ધર્યા છે.

# નિર્દોષ વ્યક્તિ જ નિખાલસ રહી શકે

## એક વખત જાતને ત્રાજવે આપણી જાતને જોખવાનું આવડી જાય તો નો પ્રોબ્લેમ

સંસારમાં સૌથી સહેલું કામ છે પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનું, કારણ કે એ કામ કરવા માટે ઉધારના આધારો કે ઉછીના જ્ઞાનની જરુર પડતી નથી. જે કાંઈ છે એ સ્પષ્ટ છે. આપણને જગતનું જ્ઞાન ન હોય એ પોસિબલ છે, પણ પોતાની જાતથી આપણે અજ્ઞાત શી રીતે હોઈ શકીએ? આપણું મૂલ્યાંકન કરતી વખતે બીજા લોકો ગેરસમજ કરી બેસે, પણ આપણે તો આપણી જાતને ઓળખતા જ હોઈએ ને!

ટ્રેજેડી એ છે કે સંસારનું જે સૌથી સહેલું કામ છે એને આપણે સૌથી અઘરું કામ કરી મૂક્યું છે. આપણી જાતનું મૂલ્યાંકન 'આપણે કેવા છીએ' ના આધારે કરવાને બદલે આપણે આપણી જાતનું મૂલ્યાંકન 'દુનિયા સામે આપણે કેવા દેખાવું છે' એના આધારે કરીએ છીએ. આને કારણે ત્રાજવાની દાંડી ઊંચી-નીચી થઈ જાય છે. સત્ય ફંગોળાઈ જાય છે અને જૂઠાણાં જડબેસલાક બેસી જાય છે.

માણસે વસ્ત્રો પહેરવાનું શરુ કર્યું ત્યારથી તેણે દંભ અને ઢોંગ કરવાના શ્રીગણેશ કરી દીધા છે. લાજ-મર્યાદાના રૂપાળા લેબલ હેઠળ કશુંક છુપાવવાની તેની વૃત્તિ અને વિકૃતિ પાંગરતી રહી છે. ડરપોક માણસ પોતાને નીડર પુરવાર કરવા પ્રયત્ન કરે છે અને કાયર વ્યક્તિ પોતાને બહાદુર બતાવવા મથે છે. ગરીબ માણસ પોતાને શ્રીમંત બતાવવા મથામણ કરે છે અને દુર્જન વ્યક્તિ પોતાને સજ્જન પુરવાર કરવાના ઉધામા કરે છે. કોઈકના પ્રત્યે શત્રુતા કે કટુતા હોય તો એ ખુલ્લી ન પડી જાય એ માટે યુક્તિ-પ્રયુક્તિઓ કરે છે. ક્રૂર વ્યક્તિ પોતાને કરૂણામૂર્તિ બતાવે છે અને કંજૂસ વ્યક્તિ પોતાને ઉદરા બતાવે છે. અજ્ઞાની માણસ પોતાને જ્ઞાની કહેવડાવવા વલખાં મારે છે અને ચારિત્ર્યહીન માણસ પોતાને ચારિત્ર્યવાન બતાવવાનાં ત્રાગાં કરે છે. આટલેથી જ વાત અટકતી નથી. કયારેક તો વ્યક્તિ પોતાના પ્રેમને છુપાવી રાખે છે. કોઈકને ચાહતો હોવા છતાં પોતાની સંવેદનાએ એ ટહુકવા દેતો નથી.

તમે એક વાત માર્ક કરી હશે કે જગતમાં એકમાત્ર માનવી જ એવો છે જેણએ ઢોંગ-આડંબર કરવા પડે છે. સિંહ કદી અહિંસક હોવાનો દાવો કરતો નથી. વાંદરો કદી શાંત અને નિરુપદ્રવી હોવાનો આડંબર કરતો નથી. ભૂંડ કદી ગંદકી પ્રત્યે તિરસ્કાર બતાવતું નથી. સસલુ કદી બહાદુર હોવાનો ઢોંગ કરતું નથી. શિયાળ અને કાગડાને આપણે લુચ્ચાં કહીએ છીએ, પરંતુ એ પોતે કદીયે સજ્જન હોવાનાં જુઠાણાં ફેલાવતાં નથી. ગધેડાએ કદીયે ભૂંકવાથી પોતાની પ્રતિષ્ઠા જોખમાવાનો ભય પજવતો નથી. અનેક ફૂલો પાસે જઈને રસ માણતું પતગિંયુ કદીયે ચારિત્ર્યવાન હોવાનું ધતિંગ કરતું નથી અને આખલો કદી બ્રહ્મચારી હોવાનું કોઈને કહેતો નથી. સરળતા અને સહજતાના ત્રાજવે તમામ જીવો પોતાની જાતને તોલે છે - મૂલવે છે.

ખરો સવાલ એ છે કે જે કામ




તમામ જીવો માટે અત્યંત આસાન છે એ કામ માણસ માટે કેમ અઘરું બની ગયું છે?

માણસ પ્રજ્ઞાશીલ છે, વિચારવંત છે, તોયે તે કેમ નિખાલસ નથી રહી શકતો? સાચી વાત એટલી જ છે કે નિખાલસતા તો નિર્દોષતાની આજ્ઞાંકિતા છે. જે વ્યક્તિ નિર્દોષ હોય તેને જ નિખાલસ રહેવાનું પરવડે. આપણે શા માટે કશુંય છુપાવવું પડે? આપણે એવું માની લીધું છે કે સ્વાર્થ બૂરી બાબત છે. ક્રોધ અને મોહ ખરાબ છે. વિજાતીય આકર્ષણ એ પાપ છે અને સુખ ભોગવવું એ તુચ્છ કાર્ય છે. જે સહજ છે એ શી રીતે ખરાબ હોઈ શકે? સ્વાર્થ ન હોય તો માણસે આટલો વિકાસ ન કર્યો હોત. ક્રોધ અને મોહ તો આપણે જીવતા છીએ એનો પુરાવો છે. પથ્થરને ક્રોધ-મોહ ન હોય, માણસને તો હોય જ ને! વિજાતીય આકર્ષણ ન હોત તો આ સંસાર પણ ન હોત અને શ્રૃંગારરસનાં કાવ્યો પણ ન હોત. કુદરતે માત્ર તડકો જ નથી આપ્યો, વૃક્ષોની શીતળ છાયા પણ આપી છે. પ્રકૃતિએ માત્ર ભૂખ અને તરસ નથી આપ્યાં, ભોજન અને પાણી પણ આપ્યા જ છે. બીજાને કષ્ટ આપ્યા વગર પોતાનું સુખ ભોગવી જ શકાય. એમાં ઉમેરો કરીને કહી શકાય કે જાતે કષ્ટ વેઠીનેય બીજાને સુખ આપવાથી આપણને વિશેષ સુખનો સાક્ષાત્કાર થાય છે.

માણસ પળે-પળે પોતાની જાતને મૂલવતો રહે, જાતને ત્રાજવે પોતાને તોલતો રહે તો પછી તેણે કોઈ કથા-સપ્તાહોમાં ફીલિંગ ભરવાની જરુર ન રહે. બહારથી જાત્રાઓ ગમે તેટલી કરીએ, પણ ભીતરની જાત્રા ચૂકી જઈએ તો સમજવું કે ભવનો ફેરો ફોગટ થયો. એક વખત સરળતાનો સ્વાદ ચાખ્યા પછી આડંબર અને ઢોંગ તો કડવા વખ લાગશે. આપણે જગતને ત્રાજવે આપણી જાતને તોલવા તલપાપડ રહીએ છીએ એટલે દંભ અને ઢોંગ કરવા પડે છે. એક વખત જાતને ત્રાજવે આપણી જાતને જોખવાનું આવડી જાય તો નો પ્રોબ્લેમ.

**- રોહિત શાહ**



એસ.પી. ઈવેન્ટ્સ, હૈદરાબાદના બેનર હેઠળ નાડોલ, રાજસ્થાનના મહાન સંત ગુરુવર મરુધર કેસરી મિશ્રીમલ મહારાજ અને રુપમુનિ મહારાજના જીવનકવન પર આધારિત આધ્યાત્મિક લઘુ હિન્દી ફિલ્મ 'ગુરુ દર્શન'નું શુટીંગ રાજસ્થાનના પાલી જિલ્લાના નાડોલમાં સંપન્ન થયું હતું. 'ગુરુ દર્શન' ફિલ્મમાં અમદાવાદના તુષાર ત્રિપાઠી, હેમંત ત્રિવેદી, દીપિકા રાવલ, નિરવ કલાલ, પરેશ સંઘવી, દિલરાજ બંનઝારા, ભૂમિતિ પ્રજાપતિ અને ગાંધીનગરના હસમુખ મેકવાને અભિનયનાં અજવાળા પાથર્યાં છે.

આ ફિલ્મના નિર્માતા-નિર્દેશક દેવેન્દ્ર શાસ્ત્રીદી, કેમેરામેન જયસિંહ રાજપુરોહિત, સંગીત હર્ષા શર્માનું છે. ફિલ્મનું એડીટીગ અને ડીઝીટલ ઈફેક્ટ 'મોસન એડ ફિલ્મ સ્ટુડિયો' - ઉદેપુર ખાતે કરવામાં આવશે.' ફિલ્મના શુટીંગ દરમિયાન રુપમુનિ ધર્મશાળાના વ્યવસ્થાપકો સંજયજૈન, જગદિશસિંહ, પોમારામ, ભલારામ, ઉમેદ જોયા, કે.સી.રાઠોડનો વિશેષ સહયોગ મળ્યો હતો.